LATIONS

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shymal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph: 079- 65214200 Fax: 079-40065014
Email: simulationsindia@gmail.com

**Marwad Mitra**
**Edition:** Ahmedabad | **Date:** August 22, 2010 | **Page No:** 04 | **Category:** TTF
India's biggest travel fair 'Travel & Tourism Fair' begins in Ahmedabad

# भारत का सबसे बड़ा ट्रावेल फेयर, ट्रावेल एण्ड टुरीझम फेयर का अहमदाबाद में प्रारंभ




अहमदाबाद। भारत का सबसे बड़ा ट्रावेल एण्ड टुरिझम फेयर का अहमदाबाद के गुजरात युनिवर्सिटी एक्झिबिशन में शुभारंभ हुआ। समग्र भारत तथा विदेश से ट्रावेल व होस्पिटालिटी उद्योग के सहयोगी व उच्च अधिकारी 22 अगस्त को रात आठ बजे तक चलने वाले इस प्रदर्शन में उपस्थित रहेगे। तीन दिवसीय इस प्रदर्शनी की लम्बे समय से इन्तजार किया जा रहा था। इस प्रदर्शन में भारतभर से 27 राज्य व 10 देशों के 300 से अधिक प्रतिनिधी एक ही स्थल पर सामिल होंगे।

टीटीएफ, अहमदाबाद 2010 में ईजीप्त व नेपाल फीचर कन्ट्री के रूप में सामिल हो रहे है, तथा इसमें चाइना, दुबई, फिलिपाइन्स, ईजीप्त, श्रीलंका, भारत, थाईलेन्ड, मलेशिया, मालदीव्स तथा वियतनाम का समावेश होता है। गुजरात टुरीझम टीटीएफ अहमदाबाद का यजमान राज्य है। अन्य 30 एक्झीबीटर्स के साथ उत्तराखंड पार्टनर स्टेट के रूप में सामिल है। हिमाचल प्रदेश के 25 एक्झीबीटर्स है। राजस्थान, कर्णाटक, पश्चिम बंगाल, छत्तीसगढ़, जम्मु-कश्मीर, केराला, पंजाब, ओरीस्सा व झारखंड का समावेश फीचर स्टेट के रूप में सामिल हो रहे है।

टीटीएफ प्रवासन संस्थाओं के लिये उनकी मार्केटींग अभियान को सुद्रढ़ बनाने तथा आगामी वेकेशन के मोशम में मांग खड़ी करने के अवसर प्रदान करता है। टीटीएफ के आयोजक तथा फेरफेस्ट मिडिया लि. के चेयरमेन व सीईओ श्री संजय अग्रवाल ने बताया कि, पिछले तीन चार वर्ष से अहमदाबाद में टीटीएफ का आयोजन किया जा रहा है तथा यह टीटीएफ के लिये कोलकाता व मुम्बई के बाद देश का सबसे बड़े स्थल के रूप में ऊभर कर आया है। गत वर्ष लगभग 10,000 लोगों ने टीटीएफ की मुलाकात ली थी। गुजरात केवल देश के ही नही लेकिन विदेश के ट्रावेल उद्योग के लिये एक महत्वपूर्ण मार्केट है।

इस अवसर पर पत्रकार को ईजिप्त के भारत के टुरिझम ओफिस के डायरेक्टर श्री ऐडे मेसी ने भी संबोधित किया था तथा वेस्ट बंगाल टुरिझम डेवलपमेन्ट कोर्पोरेशन के मेनेजिंग डायरेक्टर श्री टी. वी एन. राव भी उपस्थित रहे थे।

DNA
Edition: Ahmedabad | Date: August 23, 2010 | Page No: 11 | Category: TTF

# Visitors revel at three-day travel and tourism fair in the city

## The fair records highest number of visitors and exhibitors

Chaitra Devarhubli

The 3-day Travel and Tourism Fair (TTF) Ahmedabad, held at Gujarat University Exhibition hall came to an end on Sunday. Hundreds of participants thronged the hall on the valedictory function where awards were distributed to participants of TTF in various categories.

Organised by Fairfest Media Limited, the exhibition recorded the highest number of visitors and exhibitors this time. As many as 15,000 visitors attended the fair this year, which had recorded 12,000 visitors last year. Speaking on the occasion, chairman and CEO of Fairest, Sanjiv Agarwal said that forms filled by the visitors revealed some very interesting facets. Around one-third of the visitors to the fair said they wanted to travel abroad, while the rest wanted to travel within the country. This reveals that Indian states have a great scope for travel and tourism, and that people are willing to travel and explore the country, he said.

Organised from August 20 to 22, the fair saw the participation from 11 countries of the world, 27 states of India and also saw a large participation of hotels, resorts, travel agents, cruise lines and travel portals. To add flavour of India's rich cultural heritage, various cultural troupes from Uttarakhand, Gujarat, Rajasthan and Punjab had come to present their cultural items from their respective states.

Piyush Patel, DNA



Participants mesmerising the audience

### Safe destination

At Jharkhand tourism's press meet, special secretary and director, Handloom and Handicraft, government of Jharkhand, Dhirendra Kumar said, "We are upgrading Jharkhand's infrastructure and today it has become the leading producer of Tasar silk in the country. We are making the state a safe destination for tourists."

MULATIONS

Ph: 079-6521420
Email: simulations

Divya Bhaskar (City Bhaskar)
Edition: Ahmedabad | Date: August 22, 2010 | Page No: 01 | Category: TTF

## ટૂરિઝમ ફેરમાં ઉપલબ્ધ છે મનગમતા ટૂરિસ્ટ સ્પોટ અને ત્યાંના એટ્રેક્શનની ઇન્ફર્મેશન

# વેકેશન માટે નક્કી કરો ડેસ્ટિનેશન

સિટી રિપોર્ટર »

આગામી દિવાળી વેકેશન માટે પ્રવાસનું આયોજન કરો છો? તો તે પહેલાં એક વખત ગુજરાત યુનિવર્સિટીના એક્ઝિબિશન હોલમાં ચાલી રહેલા ટૂરિઝમ ફેરની મુલાકાત લેવાનું ન ચૂકશો. બેસ્ટ ડેસ્ટિનેશન, મનગમતું પેકેજ, ટ્રાન્સપોર્ટ અને રહેવા-જમવાની માહિતી અહીં ઉપલબ્ધ છે.

**કઇ જગ્યાએ શું આકર્ષણ છે?**

રાજસ્થાન : ગુજરાતનું પડોશી રાજ્ય, ઘર જેવો અનુભવ, રોયલ કલ્ચર, વાઇલ્ડલાઇફ, ઐતિહાસિક વારસો અને એડવેન્ચરનો યાદગાર અનુભવ.
શું ખાસ છે : રોયલ રાજસ્થાન ઓન વ્હીલ્સમાં મુસાફરી કરી શકો છો. આ ટ્રેન તમને સાત દિવસ સુધી વાઇબ્રન્ટ રાજસ્થાનની રોયલ જર્ની કરાવશે.



આવજો : ટૂરિઝમ ફેરમાં ગુજરાત ટૂરિઝમના સ્ટોલ પર પરંપરાગત ગરબા રમતાં કલાકારો. રવિવારે ફેરનો છેલ્લો દિવસ છે.

ઉત્તરાખંડ: જો તમે એડવેન્ચર, ટ્રેકિંગના શોખીન હોવ તો ઉત્તરાખંડથી સારી જગ્યા બીજી કોઇ ન હોઇ શકે. ઉપરાંત ચારધામની યાત્રા પણ થઈ શકે.
શું ખાસ છેઃ ચારધામની યાત્રા કરવાનો વિચાર કરતા હોવ તો ગઢવાલ મન્ડલ વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આકર્ષક પેકેજ ઉપલબ્ધ છે. આ ઉપરાંત રાફ્ટિંગ, સ્નો સ્કેટિંગ, રોક ક્લાઇમ્બિંગ, માઉન્ટેનિયરિંગ, ટ્રેકિંગ અને એરો સ્પોર્ટ્સ જેવી એડવેન્ચર એક્ટિવિટી પણ કરી શકો છો.

કેરળ : તમે પ્રકૃતિની વધારે નજીક રહેવા માગતા હોવ તો કેરળથી વધારે સારી ચોઇસ બીજી કોઇ ન હોઇ શકે.
શું ખાસ છે? : કેરળમાં ઓફ સિઝનમાં જાવ તો ૩૫ ટકા જેટલું ડિસ્કાઉન્ટ મળે છે. આ ઉપરાંત આયુર્વેદિક ટ્રીટમેન્ટ પ્રખ્યાત છે.

હિમાચલ પ્રદેશ: તમને બરફથી ભરેલી વાદિયો પસંદ છે અને તમે રોડ પર ચાલતા-ચાલતા વાદળો સાથે વાતો કરવા માગો છો, તો હિમાચલપ્રદેશ તમારા માટે બેસ્ટ ડેસ્ટિનેશન છે.
શું ખાસ છે? : સિમલામાં સ્નો પડતો હોય ત્યારે ફરવાની ખૂબ જ મઝા આવે છે. હિમાચલ ટૂરિઝમ દ્વારા કુલુ, મનાલી, પાલમપુર, સિમલા અને ડેલહાઉસી જેવા ટૂરિસ્ટ ડેસ્ટિનેશન માટે ખાસ પેકેજ આપવામાં આવે છે.

## રોમાંચક અને રોમેન્ટિક ઇજિપ્ત



'ઇજિપ્ત રોમાંચક તો છે જ પણ રોમેન્ટિક પણ છે અને હનિમૂન ઊજવવા માટે ઉત્તમ સ્થળ સાબિત થઇ શકે છે,' આમ કહેતા ઇજિપ્શયન ટૂરિઝમ ઓફિસના ડિરેક્ટર અદેલ-એલ-માસરીએ જણાવ્યું કે, ' ઇજિપ્તના કુલ જીડીપીમાંથી ૧૧.૮ ટકા હિસ્સો પ્રવાસનનો છે. વર્ષે એકદ લાખ જેટલાં ભારતીય ટૂરિસ્ટ ઇજિપ્તની મુલાકાતે આવતા હોય છે. ભારતીયોને ઇજિપ્તનાં અન્ય પાસાંઓનો ખ્યાલ આવે તે હેતુથી અમે ઘણાં અવનવા પ્રયોગો-પ્રયાસોનું આયોજન કરીએ છીએ.' ઇજિપ્તમાં માત્ર પિરામિડ અને નાઇલ નદી નથી પરંતુ ભવ્ય ઇતિહાસ, એન્ડવેન્ચર ટૂરિઝમ, મરીન ટૂરિઝમ વગેરેની પણ બહોળી શક્યતાઓ છે.

Email: simulationsindia@gmail.com

**Nirmal Gujarat**

**Edition:** Ahmedabad | **Date:** August 23, 2010 | **Page No:** 03 | **Category:** TTF

International tourist spots are the attraction for Gujarat people

# ગુજરાતી સમુદાયમાં હવે વિદેશી પર્યટન સ્થળો આકર્ષણનું કેન્દ્ર

અમદાવાદ ખાતે આજે પૂર્ણ થયેલા ત્રણ દિવસીય ટ્રાવેલ એન્ડ ટુરીઝમ ફેર (ટીટીએફ) ખાતે હાથ ધરવામાં આવેલા એક સર્વેના તારણ મુજબ આ ટ્રાવેલ શોની મુલાકાત લેનારા મુલાકાતીઓમાંથી આશરે ૩૩ ટકા રૂ. ૮૦,૦૦૦ના સરેરાશ બજેટ સાથે વિદેશના પર્યટન સ્થળોની મુલાકાત લેવામાં રસ ધરાવતા હતા, જ્યારે બાકીના મુલાકાતીઓ રૂ. ૧૮,૦૦૦ના સરેરાશ ખર્ચ સાથે દેશના પર્યટન સ્થળોના પ્રવાસે જવાની ઈચ્છા ધરાવતા હતા. અન્ય એક ઘટનાક્રમમાં ગુજરાત દ્વારા ટુરિઝમ ઉદ્યોગના વિકાસ માટે જૂના અમદાવાદ શહેરમાં હેરિટેજ વોકનો જે પ્રોગ્રામ લોંચ કરવામાં આવ્યો છે તેનું અનુકરણ અમૃતસર અને પતિયાળા જેવા શહેરોમાં કરવા માટે પંજાબ સરકાર વિચારણા કરશે, એવી જાહેરાત પંજાબ સરકારના ટુરિઝમ વિભાગના સ્પેશિયલ સેક્રેટરી અને પંજાબ હેરિટેજ એન્ડ ટુરિઝમ પ્રમોશન બોર્ડના મેમ્બર સેક્રેટરી શ્રી હુસેન લાલ (આઈએએસ)એ કરી હતી.

આ વખતે અમદાવાદ ખાતે યોજાયેલા ટીટીએફમાં મુલાકાતીઓની સંખ્યા અત્યાર સુધીની સૌથી વધારે એટલે કે ૧૫,૦૦૦ જેટલી રહી હતી, જેનો આંકડો ગયા વર્ષે ૧૨,૦૦૦ જેટલો હતો. આવી જ રીતે પ્રદર્શનમાં ભાગ લેનારી કંપનીઓની સંખ્યા પણ ગયા વર્ષના ૨૫૦ના આંકથી વધીને ૩૦૦ જેટલી થઈ હતી. આ પ્રદર્શનના સમાપન પ્રસંગે યોજાયેલા સમારંભને સંબોધતાં તેના ઓર્ગેનાઈઝર ફેરફેસ્ટ મિડિયા લિમિટેડના ચેરમેન અને સીઈઓ શ્રી સંજીવ અગ્રવાલે જણાવ્યું હતું કે "ટીટીએફ અમદાવાદ ખાતે યોજવામાં આવેલા એક સર્વેના તારણ અનુસાર આ ટ્રાવેલ શોની મુલાકાત લેનારા મુલાકાતીઓમાંથી આશરે ૩૩ ટકા રૂ. ૮૦,૦૦૦ના સરેરાશ બજેટ સાથે વિદેશના પર્યટન સ્થળોની મુલાકાત લેવામાં રસ ધરાવતા હતા, જ્યારે બાકીના મુલાકાતીઓ રૂ. ૧૮,૦૦૦ના સરેરાશ ખર્ચ સાથે દેશના પર્યટન સ્થળોના પ્રવાસે જવાની ઈચ્છા ધરાવતા હતા. આ મુલાકાતીઓમાંથી ૭૧ ટકા વર્ષમાં એક વાર પ્રવાસે જાય છે અને તેમાંથી ૩૯ ટકા વર્ષમાં બે વર્ષ ફરવા માટે જાય છે. તમામ મુલાકાતીઓમાંથી ૪૮ ટકા મુલાકાતીઓએ અગાઉ પણ ટીટીએફની મુલાકાત લીધી હતી જે બાબત પર્યટન સ્થળની પસંદગી માટે ટીટીએફ અગત્યનું માધ્યમ બની રહ્યું છે એ બાબતનો સંકેત આપે છે." સમાપન સમારંભને સંબોધતાં શ્રી લાલે જણાવ્યું હતું કે "તેઓ આજે સવારે જૂના અમદાવાદમાં હેરિટેજ વોક માટે ગયા હતા અને તે એક આહ્લાદક અનુભવ હતો. પંજાબ સરકાર પણ આ પ્રકારની પહેલ અમૃતસર અને પતિયાળા જેવા શહેરોમાં શરૂ કરવા માટે વિચારણા કરશે." આ પ્રસંગે પોતાના સંબોધનમાં ઈજિપ્તની ભારત ખાતેની ટુરિઝમ ઓફિસના ડાયરેક્ટર શ્રી એડેલ મેસીએ જણાવ્યું હતું કે "ભારત એ ઈજિપ્તના પર્યટન ઉદ્યોગ માટે મહત્ત્વનું માર્કેટ છે. હવે ઈજિપ્તના પ્રાચીન સ્થળો ઉપરાંત ત્યાંના અદ્યતન સુવિધા ધરાવતા પ્રવાસન સ્થળો પણ હવે આકર્ષણના કેન્દ્ર બન્યા છે, જેમાં મરિન ટુરિઝમ અને વેલનેસ ટુરિઝમ મુખ્ય છે." આ પ્રસંગે પ્રદર્શનમાં ભાગ લેનારા પ્રદર્શકોને જુદી જુદી કક્ષા અંતર્ગત એવોર્ડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું, જેની યાદી આ સાથે સામેલ છે. પ્રદર્શનના છેલ્લા દિવસે ઝારખંડના ટુરિઝમ વિભાગ દ્વારા ત્યાંના પર્યટન સ્થળો અને સરકાર દ્વારા શરુ કરવામાં આવેલા વિવિધ પ્રોગ્રામો અંગે માહિતી આપતું એક પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. હવે ટીટીએફ સુરત ખાતે ઓગસ્ટ ૨૭થી ૨૯ દરમિયાન યોજાવાનો છે.



Gujarat Niti
Ahmedabad | **Date:** August 27, 2010 | **Page No:** 03 | **Category:** TTF

## Foreign tourist destinations attract Gujarati community

# ગુજરાતી સમુદાયમાં હવે વિદેશી પર્યટન સ્થળો આકર્ષણનું કેન્દ્ર




અમદાવાદ ખાતે આજે પૂર્ણ થયેલા ત્રણ દિવસીય ટ્રાવેલ એન્ડ ટુરીઝમ ફેર (ટીટીએફ) ખાતે હાથ ધરવામાં આવેલા એક સર્વેના તારણ મુજબ આ ટ્રાવેલ શોની મુલાકાત લેનારા મુલાકાતીઓમાંથી આશરે ૩૩ ટકા રૂ. ૮૦,૦૦૦ના સરેરાશ બજેટ સાથે વિદેશના પર્યટન સ્થળોની મુલાકાત લેવામાં રસ ધરાવતા હતા, જ્યારે બાકીના મુલાકાતીઓ રૂ. ૧૮,૦૦૦ના સરેરાશ ખર્ચ સાથે દેશના પર્યટન સ્થળોના પ્રવાસે જવાની ઈચ્છા ધરાવતા હતા.

અન્ય એક ઘટનાક્રમમાં ગુજરાત દ્વારા ટુરિઝમ ઉદ્યોગના વિકાસ માટે જુના અમદાવાદ શહેરમાં હેરિટેજ વોકનો જે પ્રોગ્રામ લોંચ કરવામાં આવ્યો છે તેનું અનુકરણ અમૃતસર અને પતિયાળા જેવા શહેરોમાં કરવા માટે પંજાબ સરકાર વિચારણા કરશે, એવી જાહેરાત પંજાબ સરકારના ટુરિઝમ વિભાગના સ્પેશિયલ સેક્રેટરી અને પંજાબ હેરિટેજ એન્ડ ટુરિઝમ પ્રમોશન બોર્ડના મેમ્બર સેક્રેટરી શ્રી હુસેન લાલ (આઈએએસ)એ કરી હતી.

આ વખતે અમદાવાદ ખાતે યોજાયેલા ટીટીએફમાં મુલાકાતીઓની સંખ્યા અત્યાર સુધીની સૌથી વધારે એટલે કે ૧૫,૦૦૦ જેટલી રહી હતી, જેનો આંકડો ગયા વર્ષે ૧૨,૦૦૦ જેટલો હતો. આવી જ રીતે પ્રદર્શનમાં ભાગ લેનારી કંપનીઓની સંખ્યા પણ ગયા વર્ષના ૨૫૦ના આંકથી વધીને ૩૦૦ જેટલી થઇ હતી.

આ પ્રદર્શનના સમાપન પ્રસંગે યોજાયેલા સમારંભને સંબોધતાં તેના ઓર્ગેનાઈઝર ફેરફેસ્ટ મિડિયા લિમિટેડના ચેરમેન અને સીઈઓ શ્રી સંજીવ અગ્રવાલે જણાવ્યું હતું કે "ટીટીએફ અમદાવાદ ખાતે યોજવામાં આવેલા એક સર્વેના તારણ અનુસાર આ ટ્રાવેલ શોની મુલાકાત લેનારા મુલાકાતીઓમાંથી આશરે ૩૩ ટકા રૂ. ૮૦,૦૦૦ના સરેરાશ બજેટ સાથે વિદેશના પર્યટન સ્થળોની મુલાકાત લેવામાં રસ ધરાવતા હતા, જ્યારે બાકીના મુલાકાતીઓ રૂ. ૧૮,૦૦૦ના સરેરાશ ખર્ચ સાથે દેશના પર્યટન સ્થળોના પ્રવાસે જવાની ઈચ્છા ધરાવતા હતા. આ મુલાકાતીઓમાંથી ૭૧ ટકા વર્ષમાં એક વાર પ્રવાસે જાય છે અને તેમાંથી ૩૯ ટકા વર્ષમાં બે વર્ષ ફરવા માટે જાય છે. તમામ મુલાકાતીઓમાંથી ૪૮ ટકા મુલાકાતીઓએ અગાઉ પણ ટીટીએફની મુલાકાત લીધી હતી જે બાબત પર્યટન સ્થળની પસંદગી માટે ટીટીએફ અગત્યનું માધ્યમ બની રહ્યું છે એ બાબતનો સંકેત આપે છે."